**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૫૨ ટકા

# સરગાસણ ગામે રામદેવપીરના નેજા ચઢાવી ભકતોએ ધન્યતા અનુભવી



ગાંધીનગર નજીક આવેલા સરગાસણ ગામે આવેલા રામદેવપીર મંદિર ખાતે દર વર્ષે ભાદરવી નોમના દિવસે નેજા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. સરગાસણના ગ્રામજનો દ્વારા નેજા લઈ વાજતે-ગાજતે રામદેવપીરના મંદિરે જઈ ભકતોએ નેજા ચઢાવી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સે-૨-સીમાં હમશકલ કલાકારોએ રંગ જમાવ્યો



ગાંધીનગરના સેકટર-૨-સી ખાતે ગણેશ મહોત્સવના પાંચમા દિવસે ફિલ્મી કલાકારોની મિમીક્રીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જાણીતા હિન્દી ફિલ્મી અભિનેતાઓના હમશકલ ડુપ્લીકેટ કલાકારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત પ્રેક્ષકોને ભરપૂર મનોરંજન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં બોલીવુડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચન, ગોવિંદા, નાના પાટેકર, ગબ્બરસિંગ તથા ગુજરાતી સુપરસ્ટાર નરેશ કનોડિયાના હમશકલે ભારે કૌતુક જગાવ્યું હતું. કાર્યક્રમમાં જુનિયર કલાકારોએ બાળકોને સ્ટેજ પર બોલાવી તેમની સાથે ડાન્સ કરવાથી માંડીને વિવિધ ડાયલોગ્સ તથા મિમિક્રી જોકસ વડે તમામ પ્રેક્ષકોને રોમાંચિત કર્યા હતા.

## સહેલી ગૃપ તરફથી ફેમીલી શોપીંગ મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

સૌરાષ્ટ્ર સમાજવાડી ખાતે સહેલી ગૃપ તરફથી ફેમીલી શોપીંગ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

સહેલી ગૃપની હેડબહેનો સ્વાતિ ગઢિયા અને ભાવના પટેલે જણાવ્યું છે કે તેઓએ 'હેપ્પીનેશ કોર્નર'માં ખાણી-પાણીનું આયોજન કર્યુ છે. તા. ૨૧, ૨૨ અને ૨૩ સપ્ટેમ્બરના રોજ આ મેળાનું આયોજન સવારે થી ૧૦ થી રાત્રે ૮.૩૦ કલાક સુધી કરવામાં આવ્યું છે જેમાં ૨૧ થી ૨૨ સ્ટોર છે. આ મેળામાં ૫૦૦ રૂ.થી સ્ટોર બુક કરાવી શકાય છે તેમજ તેમાં લકી ડ્રોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તો સૌ સહેલીઓને 'મનનાં ભાવથી મદદ કરો એવી આશા' સાથે જરૂર મુલાકાત લેવા જણાવાયું છે.

## સાર્વજનિક ગણેશોત્સવમાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૮

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ઉજવવામાં આવેલા ગણેશચતુર્થીના દિવસે જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી જે.બી. પ્રાથમિક શાળાના કુલ ૪૭ બાળકો જોડાયા હતા જેમાં ૪૦ જેટલા બાળકોએ 'ભાઈ-બહેનના હેત' થીમ આધારીત નૃત્યનાટિકા અને ૭ જેટલા બાળકોએ 'વ્યસનમુકિત' નાટક રજુ કરી પ્રેક્ષકગણને ભાવવિભોર કરી વ્યસનમુકિતનો સંદેશ આપ્યો હતો. જેમાં શાળાના શિક્ષકો પટેલ ઉષાબોન, પટેલ નયનાબોન અને પંડયા સૌરભભાઈએ સંપૂર્ણ તૈયારી કરાવી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. શાળાના આચાર્ય નીવાબોન પટેલે તમામ બાળકોને શુભેચ્છા પાઠવી હતી.

## સેકટર-૭-સી ખાતે નિઃશુલ્ક કાનની તપાસ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા તાજેતરમાં સેકટર-૭-સીમાં ડૉ. રાજવીર નારાયણીના દવાખાને નિઃશુલ્ક કાનની તપાસનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ગાંધીનગરના ૭૨ વરિષ્ઠ નાગરિકોએ પોતાના કાનની બહેરાશ માટેની ચિકિત્સા કરાવવાનો લાભ લીધો હતો. કાર્યક્રમમાં ઉમેદ ચૌહાણ, જે.એમ. શાહ, હરજીવન પંચાલ તથા સિસિકાના પ્રમુખ એમ.બી. શાહ, મંત્રી વી.ડી. શાહ, સહમંત્રી ડી.એમ. પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં સી.આર.સી. કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. આ પ્રસંગે શાળાના શિક્ષકો દ્વારા દાન ફંડમાંથી શાળામાં ભણતા તમામ બાળકોને પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે તિથી ભોજન કરાવવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ખુબ શાંતિપૂર્વક ભોજનનો સ્વાદ માણ્યો હતો.

# સે-૨૨ ગણેશોત્સવમાં 'બેસ્ટ સિંગર ઓફ ધ સીટી' સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા.૧૮

ગણેશ મહોત્સવના પાંચમા દિવસે મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટના સૌજન્યથી તેમજ સ્મિત મ્યુઝીક એકેડેમીના ભરત ગજ્જર અને જયોતિ ગજ્જર દ્વારા 'બેસ્ટ સિંગર ઓફ ધ સીટી' હિન્દી ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પર્ધા કુલ ૪ વિભાગમાં વહેંચાયેલી હતી.

સ્પર્ધામાં ૧૨ થી ૧૮ વર્ષમાં હરિઓમ ગઢવી પ્રથમ, ખુશી સિન્હા દ્વિતિય અને અમીષા સોલંકી તૃતીય ક્રમે વિજેતા રહ્યા હતા. ૧૮ થી ૩૫ વર્ષ વય જુથમાં રીશીરાજ પરમાર પ્રથમ, પાર્થ ગોયાણી દ્વિતિય અને જય દવે તૃતીય રહ્યા હતા જયારે ૩૫ થી ૪૫ વર્ષની વય જુથમાં કેયુર વોરા પ્રથમ, બીપીન ઠાકોર દ્વિતિય તથા રાજેન્દ્ર રાઠોડ તૃતીય રહ્યા હતા અને ૪૫ વર્ષથી ઉપરની વય જુથના ગ્રુપમાં સતુભા રાઠોડ પ્રથમ, રાકેશ બારોટ દ્વિતિય અને કમલેશ સોલંકી તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા.

આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ઉદયભાઈ શુકલા અને દિગંત ભટ્ટે સેવા બજાવી હતી બધા ગાયક કલાકારોને સંસ્થાના અધ્યક્ષ નિશિત વ્યાસના હસ્તે સમૃતિચિહ્ન આપવામાં આવ્યા હતા અને વિજેતા ગાયકોને ઈનામો આપવામાં આવ્યા હતા. દરેક વય જુથમાંથી ૪ ગાયકોને પસંદ કરી વિજેતા જાહેર કરાયા હતા.

આ કાર્યક્રમની શરુઆતમાં ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિતભાઈ ચાવડા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, રાજપુત સમાજના પ્રમુખ રાજાન ચાવડાએ ગણપતિ દાદાની આરતી કરી પૂજા અર્ચના કરી હતી. આ પ્રસંગે અમિતભાઈ ચાવડાએ આ કાર્યક્રમમાં કોમી એખલાસની ભાવનાને બિરદાવી સતત ૪૯ વર્ષ ભવ્ય રીતે ઉજવવા બદલ સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમના કન્વીનર તરીકે ડૉ. ચેતના બુચ, આશાબેન સરવૈયા હતા. તેમજ રાકેશ જાની, મુકેશ મારુ, અશ્વિન સુહાન અને મિતુલ જોશીએ આ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપ્યું હતું. બધા ગાયક કલાકારોએ સુરીલા ગીતો ગાઈને હાજર દર્શકોનું મન મોહી લીધું હતું.

## પાટનગરવાસીઓ બેચેન : વીજળી બીલમાં ફયુઅલ ચાર્જમાં ગુપચુપ વધારો

ગાંધીનગર, તા.૧૮

પાટનગરના રહેવાસીઓને ટોરેન્ટ પાવર દ્વારા વીજ પુરવઠો મળે છે. જેનું વીજબીલ દર બે માસે મળી જાય છે. આ અંગે ઝીણવટભર્યો અભ્યાસ કરતા ટોરેન્ટ પાવરના બીલમાં જુલાઈ માસ કરતા સપ્ટેમ્બર માસમાં ફયુઅલ દરમાં રૂ. ૧.૭૬ પૈસાને બદલે રૂ. ૧.૮૬ પૈસા દર્શાવેલ છે. પ્રતિ વપરાશ યુનીટ દીઠ દસ પૈસા વધારી દીધેલ છે. વીજ ગ્રાહકો ઉપર આડકતરી રીતે નાણાંકીય બોજ વધારી દેવાયો છે. આમ ટોરેન્ટ કંપની દ્વારા અવારનવાર આવો છુપો વધારો કરવામાં આવે જ છે. ગ્રાહકોએ આવી પરિસ્થતિ સહન કરવાની જ રહેશે તેમાં બે મત નથી.

## સુખાકારીનો નિર્ણય કાગળ ઉપર ન રહે!

ગાંધીનગર, તા.૧૮

સરકાર દ્વારા તા. ૧લી જુલાઈથી ખાદ્યતેલના ઉપયોગથી સ્વાસ્થ્ય ઉપર પડતી વિપરીત અસર નિવારી શકાય તે માટે ટોટલ પોલાર કમ્પાઉન્ડ (ટીપીસ)નો નિર્ણય અમલ કરવાનું નક્કી કરેલ છે. ખાદ્યતેલમાં ટીપીસીનું પ્રમાણ ૨૫ પોઈન્ટ કરતા નીચું હોવું જોઈએ. આ જોગવાઈનો ભંગ કરનારને સજા દંડની જોગવાઈ કરેલ છે. આમ આ નિર્ણય આવકારદાયક લેવાયેલ છે પરંતુ સઘન ચેકિંગ થાય તેવું આયોજન થવું જોઈએ. અન્યથા સુખાકારી તંદુરસ્તી નિર્ણય કાગળ ઉપર જ રહેશે.



### સે-૮ આદર્શ નિવાસ શાળા ખાતે બ્લડ ચેકઅપ કેમ્પ યોજાયો

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અનુસુચિત જાતિ કલ્યાણ હસ્તક આદર્શ નિવાસી શાળા સેકટર-૮ ગાંધીનગર ખાતે લોહાણા યુવા સંગઠન દ્વારા આજે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન બ્લડ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજ દ્વારા શૈક્ષણિક ઈનામોત્સવ યોજાયો

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજના સભ્યોના બાળકો માટેનો ૧૪ મો શૈક્ષણિક ઈનામોત્સવ તથા પેન્શન સમાજના સિનિયર સિટીઝન્સનોનું બહુમાન તેમજ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તાજેતરમાં સેકટર-૨૩ સ્થિત બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ, ફાર્મસી કોલેજ ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૩૩ જેટલા વિદ્યાર્થીઓને ઈનામ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને સંસ્થા દ્વારા પ્રોત્સાહીત ઈનામ એનાયત કરાયા હતા.

### ગણેશ વિસર્જન જૈન દેરાસર બોરીજ ગાંધીનગર



## શુક્રવારે ડ્રાય ડે સ્વેચ્છાએ મનાવીએ

ગાંધીનગર, તા.૧૮

પાટનગર અને આસપાસના વિસ્તારમાં ડેન્ગ્યુ, ઝેરી, સાદા મેલેરીયા, ચીકનગુનિયા જેવો રોગચાળો દિનપ્રતિદિન વકરતો જાય છે. સામાન્ય રીતે ડેન્ગ્યુના મચ્છર ગંદા પાણી કે ઉભરાતી ગટરમાં નહી પરંતુ ચોખ્ખા પાણીમાં પણ ઉત્પન્ન થાય છે. વળી ઈંડામાંથી મચ્છર બનવાની એક સપ્તાહની સાઈકલ તુટી જાય તો મચ્છર ફેલાવો અટકવાથી રોગચાળો નિયંત્રણમાં આવી શકે છે. આ અંગે પ્રતિ શુક્રવારે ડ્રાય ડે રાખવા અધિકારીઓએ અપીલ કરી છે. પરિણામે બધી પાણીવાળી જગ્યાઓ સુકાઈ કોરી થઈ જતા રોગચાળો કાબુમાં રહેશે. ઉપરકોત સુચનને માન્ય રાખી અનુસરવા સાથ સહકાર આપવા વિનંતી છે.

## શનિવારે ડૉ. આંબેડકર હોલ ખાતે ભજન પરંપરાની જાણકારી માટે કાર્યશાળા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી તથા કલા ગુર્જરી દ્વારા તા.૨૨મી સપ્ટેમ્બર શનિવારે સવારે ૯.૩૦ થી સાંજના ૫ કલાક દરમિયાન સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે ભજન પરંપરાની જાણકારી માટે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. શનિવારે ગુરૂમુખી અને આરાધથી લઈને પ્રભાતીયાં સુધીના પરંપરાગત અખંડ ભજન રાત્રીનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે આ કાર્યશાળા યોજાશે. કાર્યશાળામાં પ્રશિક્ષક તરીકે વી.એસ. ગઢવી, ડૉ. દલપત પઢિયાર, ડૉ. નિરંજન રાજયગુરુ અને નાથાભાઈ ગોહેલ જેવા તજજ્ઞો ભજનો અંગે જાણકારી પુરી પાડશે. કાર્યશાળામાં ભાગ લેનાર માટે ભોજન તથા ચાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. કાર્યશાળામાં ભાગ લેવા માંગતા ભજન રસિકોએ એસએમએસ અથવા વ્હોટસએપ મેસેજ દ્વારા રજીસ્ટ્રેશન કરાવી શકાશે જે માટે નિરેન બ્રહ્મભટ્ટના મો.નં. ૯૮૭૯૯ ૫૫૦૩૫ અથવા રાજુ ભટ્ટના મો.નં. ૯૮૨૪૦ ૯૫૨૩૪ પર સંપર્ક સાધવા જણાવાયું છે.




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની સેવા દિવસ તરીકે ઉજવણી કરતા વોર્ડ નં.૧ના આદીવાડા ગામ ખાતે સેકટર-૨૨ આર્યુવેદિક હોસ્પિટલના સહયોગથી કોર્પોરેટર બરખાબેન જહા દ્વારા ઔષધિય ઉકાળાનું વિતરણ તથા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. જયેશ પટેલ તેમજ તેમની ટીમ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.




## બીઓબી એકેડેમી દ્વારા હિન્દી દિવસની ઉજવણી

રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર-પ્રસાર માટે હિન્દી દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરના બેંક ઓફ બરોડા અકાદમી દ્વારા ગાંધીનગરની પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બેન્ક ઓફ બરોડા અકાદમીના ચીફ મેનેજર પરાગ ઘોંઘટે ઉપરાંત સિનિયર મેનેજર મનોજકુમાર, હિન્દી અધિકારી અખિલેશ ડહેરિયા તથા મનિષાબોન ત્રિપાઠી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અને બાળકોને રાષ્ટ્રભાષાનું મહત્વ સમજાવવા સાથે ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ઈનામો આપી સન્માન્યા હતા.

## હોમસાયન્સ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૮

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના બી.એ. હોમસાયન્સ વિભાગ દ્વારા ભારત સકાર ઘોષિત રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી અંતર્ગત કોલેજમાં પોસ્ટર મેકીંગ સ્પર્ધા, તજજ્ઞ વ્યાખ્યાન તથા સ્લમ એરીયામાં પોષણયુકત આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પોસ્ટર મેકીંગ સ્પર્ધામાં પ્રથમ નંબરે ભૂરીયા રોશની, દ્વિતિય નંબરે ગોસ્વામી પ્રિયંકાબેન તથા તૃતીય નંબરે સોની કીરણ વિજેતા બન્યા હતા. વિજેતાઓનો મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત તેજલબેન વાઘેલા દ્વારા ઈનામ તથા આઈ.સી.ડી.એસ.ની જુદી જુદી કામગીરી અંગેની જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત ગાંધીનગરના સ્લમ એરિયામાં અધ્યાપક તથા વિદ્યાર્થીનીઓ દ્વારા પોષણયુકત આહાર વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન હોમ સાયન્સ અધ્યક્ષ ડૉ. પ્રતિમા એમ. છનિયારા, ડૉ. સજ્જન ચૌધરી, પ્રા. તારાબેન દેસાઈ, ડૉ. હેમાંગીનીબેન વાઘેલા તથા મનિષાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. જશોદાબેન રમેશભાઈ પરમાર, ઉ.વ. ૫૮
- સ્વ. શાંતાબેન છગનભાઈ કેડીયા, ઉ.વ. ૫૫
- સ્વ. પુનમાજી રાજાજી ભાટી, ઉ.વ. ૮૦
- સ્વ. મધુબેન ગોવિંદભાઈ જાની, ઉ.વ. ૬૦